| Innovation ID | DTP0010000002794 | Sr No : 1 |
|---|---|---|

**Innovation Title**: બળદને કાંધ (Yokegall)

**Category**: પશુ સંવર્ધન

**Notebook Number**: lok (૫) ૧, Jan- Feb-૨૦૦૦, Pg No. ૯

**Brief**: બળદને કાંધ (Yokegall) આવે તો લીમડો (<i>Azadirachta indica</i>) , પાણી, ખરસાંણી (<i>Euphorbia tirucalli</i>) ના વેલાનો ઉપયોગ

**Detail**: કાંધ (Yokegall)નો સોજો ખાસ કરીને બળદોમાં જોવા મળે છે. ધુંસરીનું લાકડું સુંવાળું ન હોય, ખેતીકામ માટે જોતરેલ બળદોની ઊંચાઈ સરખી ન હોય કે વધારે ખેડૂતો શ્રમ કે વધુ વજન બળદ પાસે ખેંચાવવાના કારણે બળદની કાંધ છોલાવાથી ચાંદા પડી જાય છે., જેને કાંધ આવી કહે છે.

દાહોદ જિલ્લાના પશુપાલક દલાભાઈના અનુભવ મુજબ, બળદને કાંધ (Yokegall) આવે ત્યારે ખરસાંણી (<i>Euphorbia tirucalli</i>) ના વેલાનો ઉપયોગ કરે છે. બળદને કાંધ આવી હોય તે ભાગ લીમડાના પાન (<i>Azadirachta indica</i>) ના ઉકાળેલા પાણીથી ધોઈ નાખવું. ત્યારબાદ ખરસાણીના વેલામાંથી નીકળતું દૂધ જેવું પ્રવાહી બળદની કાંધ (Yokegall) ઉપર ૩ થી ૪ દિવસ સુધી, દિવસમાં એક વાર ચોપડવાથી અઠવાડિયામાં ઘા રૂઝાઈ જાય છે. દલાભાઈ છેલ્લા ૪૫ વર્ષથી આ પદ્ધતિનો ઉપયોગ કરે છે.
આ પધ્ધતિ પરંપરાગત છે.

ગામમાં અડધા લોકો એટલે કે જેને આવો પ્રોબલેમ થાય ત્યારે આ વેલાને બળદની કાંધ પર વેલો લાવીને બાંધી દેવો. આ વેલાનું સફેદ દૂધ નીકળે છે. થુવરના જેવું આ વેલો હોય છે. ખરસાણ બે પ્રકારની થાય છે. તેમાં એક નીચે પથરાતો વેલો થાય છે અને બીજો વેલો ઊભો ચડે છે. નાના ઝાડ જેવો થાય છે. પાંચ ફુટ ઉંચો વેલો થાય છે. તે થડ ૩ ઈંચ જેવું જાડુ થાય છે. તેના પાન સીતાફળ જેવું થાય છે. જેના ફુલ સફેદ જુમખામાં થાય છે. અને ફળ ઝુમખામાં થાય છે. નાના નાના થાય છે. જેને ખરસાણ કહેવાય છે.

(નોંધ - આ પદ્ધતિનું પી.આઈ.સી. નરેન્દ્રભાઈ રાઠવાએ તા. ૧૮-૬-૦૬ના રોજ કરેલ છે. આ પદ્ધતિ સાચી છે.)

**Method of Use**:

**Caution**:

**Benefit**:

**Condition**:

**Material Used**: ખરસાંણી (<i>Euphorbia tirucalli</i>)ના વેલા, લીમડો (<i>Azadirachta indica</i>), પાણી

**IPR Status**:

**Keywords**: કાંધ, Yokegall, બળદ, ખરસાંણી, Euphorbia tirucalli, વેલા, લીમડો, Azadirachta indica, પાણી, દાહોદ

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૫૨ | Member Type | Scout |
|---|---|---|---|

First Name: ચંદ્રસિંહ
Middle Name: માનસિંહ
Last Name: નીનામાં
Profession:
Designation:
Address 1:
Village: મું. લીમડી
Taluka: સંતરામપુર
District: Panchmahals
State: Gujarat
Country: India
Biography:

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૭૩૪ | Member Type | Innovator |
|---|---|---|---|

First Name: દલાભાઈ
Middle Name: પ્રેમજીભાઈ
Last Name: નીનામા
Profession: ખેતી,પશુપાલન
Designation: ખેડૂત,પશુપાલક
Address 1: આંગણવાડી નંબર – ૩ નજીકમાં, બટીયાવાડા ફળીયું
Village: મુ. લીમડી (ડોળી), પો. ડોળી
Taluka: સંતરામપુર
District: Dahod
State: Gujarat
Country: India
Biography: દલાભાઈની ઉમર ૭૦ વર્ષ છે. તેમણે ૬ ધોરણ સુધીનો અભ્યાસ કરેલ છે. તેમની પત્ની નાનીબેનની ઉમર ૬૯ વર્ષ છે. તેઓ અભણ છે. તેમને ૩ છોકરા અને ૩ છોકરી છે. ખેતીમાં રસ છે. તેમની પાસે ૭ એકર જમીન છે. મકાઈની ખેતી કરે છે. પિયતની વ્યવસ્થા છે. ૧ કુવો છે. શિયાળામાં પિયત થાય છે. હાલમાં પાણી કુવામાં નથી. ૪ બળદ અને ૧ ભેંસ છે. ખેતીમાંથી આવક થાય છે.

ગામનો પરિચય–
ગામની વસ્તી ૩૦૦૦ની છે. ગામમાં પંચાયત છે. સરપંચ દિનેશભાઈ અમરાભાઈ બાલીગીયા છે. ગામમાં તળાવ છે. સિંચાઈ તળાવ છે. નાનો ડેમ છે. લીમડા, બાવળના વૃક્ષો છે. ગામની જમીન ભુરી, કાળી, ગોરાડુ છે. ગામમાં શિક્ષણની વ્યવસ્થા ૧થી ૭ ધોરણની છે. આ ખેડૂતનું ફળીયુ બટીવાડા ફળીયુ છે. પ્રાથમિક શાળા છે. આ ગામમાં બામણિયા વધારે છે. આ ગામમાં ટ્રેક્ટર ૪ છે. જીપો ૩ છે. અને બીજા લોકો ખેતીમાંથી આવક મેળવે છે. અડધા લોકો મજુરી કરવા જાય છે. તાલુકાનું અંતર ૧૫ કિમી છે. જિલ્લાનું અંતર ૬૦ કિમી છે. ગામથી વાહન વ્યવહાર ખાનગી ચાલે છે. મોરા સુધી અમે ત્યાંથી સંતરામપુર સંતરોડ બસ વ્યવહાર ચાલે છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૨૨ | Member Type | Verifier |
|---|---|---|---|

First Name: નરેન્દ્રભાઈ
Middle Name: અર્જેસિંહ
Last Name: (રાઠવા) ચૌહાણ
Profession:
Designation:
Address 1:
Village: મું. લીમડીયા, પો. કંજેટા
Taluka: ધાનપુર
District: Dahod
State: Gujarat
Country: India
Biography:

| Innovation ID | DTP0010000002875 | Sr No : 2 |
|---|---|---|

**Innovation Title** પશુ ઘાસચારા સાથે લોખંડની વસ્તુ, ખીલી વગેરે ખાઈ જાય તો (Traumatic Reticulo Peritonitis)

**Category** પશુ સંવર્ધન

**Notebook Number** lok(૫)૩, May-June-૨૦૦૦, Pg No. ૮

**Brief** પશુ ઘાસચારા સાથે લોખંડની વસ્તુ (Traumatic Reticulo Peritonitis) , ખીલી વગેરે ખાઈ જાય તો રગત રોયડા(Tecomella undulata)ની છાલનો ઉપયોગ

**Detail** ખાણદાણ અથવા ઘાસ સાથે ઘણી વખત અપાચ્ય પદાર્થો ખોરાક સાથે પશુ આરોગી જતું હોય છે. ક્યારેક ખીલી જેવા લોખંડના ટૂકડાથી પશુને આંતરિક ઈજા થવાની સંભાવના પણ હોય છે (Traumatic Reticulo Peritonitis).
સંતરામપુર તાલુકાના સુરમી ગામના શ્રી નારજીભાઈ હીરાભાઈ પારગી આવી સમસ્યાથી પીડાતા પશુને રગત રોયડા(Tecomella undulata)ની છાલ વડે ઈલાજ કરે છે.
ખેડૂતના જણાવ્યા મુજબ રગત રોયડા વનસ્પતિની આંતર છાલ આશરે ૫૦૦ ગ્રામ ખાંડી તેમાં અડધો લીટર પાણી ઉમેરવામાં આવે છે. ત્યાર બાદ કપડા વડે આ દ્રાવણને ગાળીને પશુને પીવડાવવામાં આવે છે. દરરોજ સરેરાશ ૫૦૦ ગ્રામ પ્રમાણે ત્રણથી ચાર દિવસ આ સારવાર કરવાથી તેના શરીરમાં લોખંડ હોય તે ઓગળી જાય છે. અથવા ઝાડા વાટે નીકળી જાય છે.
ખેડૂતોના અનુભવો પ્રમાણે રગત રોયડાના વૃક્ષમાં લોખંડની ખીલી લગાવવાથી છ-આઠ દિવસમાં જ તે ઓગળી જતી હોય છે. આ વિસ્તારમાં ઘણાં ખેડૂતો આ પદ્ધતિનો ઉપયોગ કરતા હોય છે. રગત રોયડાના વૃક્ષને કરેણ જેવા આકારના પરંતુ થોડા મોટા પાન હોય છે. પાન તોડતાં દૂધ નીકળે છે. કેસરી-લાલ જેવા ફૂલ આવે છે.

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used** રગત રોયડાની(Tecomella undulata) છાલ

**IPR Status**

**Keywords** પશુ ઘાસચારા સાથે લોખંડની વસ્તુ, ખીલી વગેરે ખાઈ જાય તો (Traumatic Reticulo Peritonitis), રગત રોયડા(Tecomella undulata)ની છાલ, ખાણદાણ, દાહોદ

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૨૫ | Member Type | Scout |
|---|---|---|---|

First Name: ચીમનભાઈ | Middle Name: | Last Name: પરમાર

Profession: | Designation:

Address 1:

Village: | Taluka:

District: | State: Gujarat | Country: India

Biography:

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૮૦૬ | Member Type | Innovator |
|---|---|---|---|

First Name: નારજીભાઈ | Middle Name: હીરાભાઈ | Last Name: પારગી

Profession: ખેતી,પશુપાલન | Designation: ખેડૂત,પશુપાલક

Address 1:

Village: મુ. સરમી, પો. ખેડાયા | Taluka: સંતરામપુર

District: Dahod | State: Gujarat | Country: India

Biography: નારજીભાઈ હીરાભાઈ પારગીની ઉંમર ૫૫ વર્ષની છે. તેઓ પ્રૌઢ શિક્ષણમાં સહી કરતા શીખ્યા છે. વાંચતા આવડતુ નથી તેમના પરિવારમાં ૫ છોકરાં અને ૧ છોકરી છે. તેમાં એક શિક્ષક છે. તેમને ૬ એકર જમીન છે અને એક પાકો કૂવો છે. મકાન પણ પાકું છે. ઘરમાં એન્જિન છે. તેઓ ખેતીમાં ચોમાસુ પાકોમાં મકાઈ, ડાંગર, કપાસ, ચણા, મગ, અડદ જેવા પાકોનું વાવેતર કરે છે. શાકભાજીમાં રીંગણ, મરચી, હળદર, આદુ જેવા પાકનું વાવેતર કરે છે. ઘરમાં ૩ ભેંસ, ૧ ગાય અને ૨ બળદ છે. ઘરમાં અનાજ દળવા માટેની એક ઘંટી છે. સમાજમાં તેમનું માન છે. ગામમાં વડીલ તરીકે તેમને બોલવે છે.

ગામનો પરિચય-
આ ગામમાં ૩૬૦૦ની વસ્તી છે. ૧૨ ફળીયા આવેલ છે. નાના મોટા ગામમાં ૪ પ્રાથમિક શાળા આવેલ છે. એક સ્કૂલ તથા ૩ વર્ગ ચાલે છે. પહાડી વિસ્તાર છે અને ગામમાં જવા આવવા માટે સંતરામ પૂરથી બાસવાડા આનંદપૂરી ગામ જતાં ગામ આવે છે. ગામમાં જવા માટે કાચો મેટલ રોડ આવેલ છે. શિક્ષણ ૬૦ ટકા જેટલું છે. ગામમાં ૧૦ જેટલા શિક્ષકો છે અને કેટલાક બેકાર બનીને ખેતી કામ કરે છે.